|| શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ||

# શ્રી નવસારી વિભાગ વિશા પોરવાડ જૈન સમાજ, નવસારી

શ્રી સવંત ૨૦૮૨ ના જેઠ સુદ ૯ ને રવિવાર તા. ૨૪-૦૫-૨૦૨૬ ની સામાન્ય સભાનો પરિપત્ર

માનનીય સભ્યશ્રી,

સવિનય જણાવવાનું કે આપણાં સમાજની સામાન્ય સભા (જનરલ મિટીંગ) શ્રી સવંત ૨૦૮૨ના જેઠ સુદ ૯ ને રવિવાર તા ૨૪-૦૫-૨૬ ના દિને રાત્રે ૧૦:૦૦ કલાકે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ સંચાલિત આર.કે. પાનસુરિયા સાંસ્કૃતિક ભવન તાશકંદ નગર જલાલપોર રોડ, નવસારી મુકામે મળશે, એ સભામાં આપશ્રીને સમયસર હાજર રહેવા વિનંતી.

## -: એજન્ડા :-

૧. ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ વાંચનમાં લઈ તેની બહાલી આપવા બાબત.
૨. શ્રી નવસારી વિભાગ વિશા પોરવાડ જૈન સમાજના સને ૨૦૨૫-૨૦૨૬ના વર્ષનું તારીખ ૦૧-૦૪-૨૦૨૫ થી ૩૧-૦૩-૨૦૨૬ સુધીનો હિસાબ અહેવાલનો ઓડીટ રીપોર્ટ વાંચનમાં લઈ તેને બહાલી આપવા બાબત.
૩. શ્રી નવસારી વિભાગ વિશા પોરવાડ જૈન કેળવણી મંડળના સને ૨૦૨૫-૨૦૨૬ના વર્ષનું તારીખ ૦૧-૦૪-૨૦૨૫ થી ૩૧-૦૩-૨૦૨૬ સુધીનો હિસાબ અહેવાલનો ઓડીટ રીપોર્ટ વાંચનમાં લઈ તેને બહાલી આપવા બાબત
૪. સને ૨૦૨૬-૨૦૨૭ના વર્ષ માટે કેળવણી સહાય, કેળવણી ખર્ચ, સ્કોલરશીપ, વૈદકીય સહાય, તપસ્વીઓના બહુમાન ખર્ચ, સ્નેહ સંમેલન તથા વહીવટી ખર્ચ અંગેની રકમની જોગવાઈ અંગે વિચારણા કરવા બાબત.
૫. આગામી ત્રણ વર્ષ માટે નિમાયેલ (ટ્રસ્ટી બોર્ડના) સભ્યોને બહાલી આપવા બાબત.
૬. સને વર્ષ ૨૦૨૬-૨૭ ની સાલ માટે ઓડિટરશ્રીની નિમણુંક કરવા બાબત.
૭. સમાજની આગામી પ્રવૃત્તિ અંગે વિચારણા કરવા બાબત.
૮. પ્રમુખશ્રી તરફથી રજુ થતા કાર્યોની વિચારણા કરી યોગ્ય તે નિર્ણયો કરવા બાબત.

**નોંધ:-**

૧. કોરમના અભાવે મુલતવી રહેલી મિટીંગ એજ દિવસે અડધા કલાક પછી એજ સ્થળે મળશે અને તેને કોરમનોનો નિયમ લાગુ પડશે નહીં.
૨. સભાસદોને કોઈપણ સૂચનો કરવા હોય તો સંસ્થાના કાર્યાલયમાં લેખિત સૂચનો તારીખ ૨૧-૦૫-૨૦૨૬ સુધીમાં મોકલી આપવા વિનંતી.

લિ.

**અનીલકુમાર મણીલાલ શાહ**
**મંત્રી**

**નિતીનકુમાર મોહનલાલ શાહ**
**પ્રમુખ**

## શ્રી નવસારી વિભાગ વિશા પોરવાડ જૈન સમાજ

**નવસારી**
**૦૮-૦૫-૨૦૨૬**